श्री महावीरायनमः

મહાવીર જીનસ્તવનાવળી.

ભાગ ૧ લો.

—⊱⊰—

પ્રસિદ્ધકર્તા.

ચત્રભુજ વ. તારાચંદ.

મહુધાકર.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૨૦૦૦

સને ૧૯૧૦

'ગુજરસ્થાન' છાપખાનામાં શા. હીરાલાલ
વર્ધમાને છાપ્યું

કીમત ૦-૨-૬

અમારે ત્યાં વેચાતા પુસ્તકો.

૧	સુંદરી સૌંદર્ય ભાગ ૧ લો.	૦—૪—૦
૨	કુમુદ અને કિશોરી	૦—૪—૦
૩	આત્મિક સુબોધ ગરબાવળી	૦—૪—૦
૪	જૈન રત્નમાળા	૦—૨—૦
૫	સંસારનું વિચિત્ર સ્વરૂપ	૦—[illegible]
૬	પર્યુષણ પર્વ અને આપણું કર્તવ્ય.	૦—૦—[illegible]
૭	જૈન બાળાઓને ગાવાના ગીત	૦—૦—[illegible]
૮	સંગીત લીલાવતી નાટક.	૦—૪—૦
૯	પવિત્ર લીલાવતી નાટક	૦—૨—૦
૧૦	મહાવીર જીનસ્તવનાવળી	૦—૦—૬
૧૧	રેલ્વેમાં રમખાણ	૦—૦—૩
૧૨	શ્રીમંત શેઠાણી.	૦—૦—૩

ના. કે. ઉપરના બારે પુસ્તકો સાથે ખરીદનારને ઘેર બેઠા માત્ર એક રૂપિયામાંજ મળશે.

જૈન ફ્રેન્ડલી એસોસીએશન.

કાળુપુર—અમદાવાદ.

મહાવીર જીન સ્તવનાવળી

ભાગ ૧ લો.

૧

સ્તુતિ.

વીરને વંદો વીરનેવંદો, વીરને વંદોરે
ભવી મહાવીરને વંદો,
મહાવીર મંદીરમાં નિત્ય આવો,
ભાવના હી કરજોડીને ભાવો
દિન દયાળની રહામ ભજને મોહને દંડોરે
ભવી મહાવીરને વંદો
પ્યાર ભાવી પ્રભુ આગળ નાચો
નિત્ય પ્રભુ ગુણ ગાઇને રાચો
દુષ્ટ બુદ્ધિ બધી દૂર કરી નિજકર્મ નિકંદો
ભવિ મહાવિરને વંદો
સર્વ જીવો પર રહેમ રાખો
જેથી કરી શીવ સુખને ચાખો
જૈન ધર્મનો તત્વજ્ઞ એ એમ ભાખે ગુણકારે
ભવી મહાવીરને વંદો
મહાવીર મંડળ આ શીખ સારી
[illegible] સહુ [illegible] મનમાં ધારી

પ્રાણીને પરમ સુખ આપી ટાળો ભવના ફંદોરે
એવી મહાવીરને વંદો

સ્તવન ૨ જું.

રૂડી રઢિયાળીરાત એ રાગ—

(૧)

ભવી આનંદે આજ (૨) ચાલોને જઈએ જીનદરબારમાં
મહાવીર મહારાજ (૨) વંદેથી દુઃખદુરજાયે પળવારમાં
પ્રભુ પ્રતિમાં અનુપમ નુર (હારે)
સદા સમતા રસ ભરપુર દેખીએ દરબારમાં. ભવી

સાખી

અષ્ટ કરમ અળગા કરી પામ્યા કેવળ જ્ઞાન.
સિદ્ધ શીલા પર જઇ વસ્યા તેનું ધરીએ ધ્યાન
પ્રેમે પ્રભુ ગુણ ગુણીજન ગાઓ
આ નર ભવ તણો લહીએ લાવો

સાખી

ભવ સીંધુમાં ડુબતા. તાર્યા ભવ્ય અનેક
એવા ઉપગારી તણો ધર્મ ધરો ધરી ટેક
પ્રભુ પસાયેરે, ભવીક પ્રાણી પ્રભુ પસાયરે
ભવ વનમાંહિ ભટકવાનું દુઃખતો જાયરે

સાખી

ચાર ચોરટાઓ મળી લુંટી લેઓ માલ
કરો અરજ જીનરાજને હે શીઘ્ર તતકાળ

એવા ત્રિભુવનરાજ (૨) વીરમંડળ ગુણ ગાએ હરબાદમ
શીવ સુખડાને કાજ (૨) પ્રાણ પ્રભુનિત્ય સ્મરણ કરે
સવારમાં. ભવી

સ્તવન ૩ જું.

શ્રી નટવર વસંત–એ રાગ

શ્રી જીનરાજ આ સમાજ આજ નાચી રહ્યો
નાચી રહ્યો મન માચી રહ્યો શ્રી. જીન.

સાખી

તત થેઈ થેઈ થનન કરી ઠમક ઠમક ધરી પાય
ફરતા ફરરર ફુદડી ભવમાં ભમતું જાય
ધીધી કીટ ધીધી કીટ થાંગથાંગ, થાથી હાંગઃ
વાગે છે મૃદંગ અંગ હર્ષ થયો, નાચી રહ્યો.

સાખી

શ્રી અષ્ટા પદ ગીરીવરે રાવણ નાચ્યો જેમ
તાન માનને તાલમાં-અહીં પણ નાચો એમ
ભવી જન ધરી ભક્તી ભાવ લ્હાવો લઇએરે
નમવા ત્રિભુવનજનનાથ, જુગતે જઈએરે

સાખી

ચંદ્ર ઇંદ્રનાગેંદ્રને કરે અપ્સરા નાચ
કેશવ મહાવીર મંડલી નાચે શીવ ફળ સાચ
શ્રી જીણંદ ગુણ ગણ ગાઓ રાગ રંગમાં
જય જય જય જીનરાજ જયો. નાચી—શ્રી

સ્તવન ૪ થું.

(રાજ રાજે ચોહાણનું એ રાગ-

ભવિ ચાલો સુભાવથી—વીર જીણુંદને વંદવા

વંદવા, વંદવા, વંદવા, વંદવા (ભવી)

દર્શન કરીયે મોહ મહિપતિ દંડવા

નિંદીવ કર્મને નંદવા, વીર.

સમકિત સવિતા ઉગે આનંદમાં

ટાળે મિથ્યા મતી ફંદવા વીર

મહાવીર મંડળી શિવ સુત કેશવ

વદે સસિને જીણુંદવા વીર

સ્તવન ૫ મું

કાનુડા શું જાણે મારી પ્રીત એ રાહ

જરી સામું જુઓ શ્રી મહાવીર

હો ત્રીસલાના જાયા. જરી ૧

નરક ગતિનું દુઃખ નાથ નિવારો જમડા ત્યાં જાણે

ચીરે ચીર ચીરે ચરરરરરરરરર જરી ૨

પશુ પંખીનો ભવ અમને ન આપો (૨) પાપીડાં મારે

તાણી તીર તાણી તરરરરરરરરરર જરી ૩

જબરૂ જોખમ કરે ચાર જોદ્ધાઓ (૨) કાપો કુકરમી

કથીર કાપો કરરરરરરરરરર

અબલ અનળ ભવમાંહિ ભજુ હું પ્રભુ (૨) ઇચ્છું શું

અરજી અધીર અરજી અરરરરંરરરરર જરી ૪
કેવળ પામી સ્વામી અંબર ગામી પ્રભુજી (૨) વશિયા છો
સિદ્ધ સિલ્લાને શીર વશિયા સરરરરરરરરર. જરી ૫
મહાવીર મંડળ શીવ સુત કેશવને આપ દયાનોછાંટોંનીર
છાંટો છરરરરરરરરર જરી ૬

સ્તવન ૬ ઠું.

(ખાગ્યો પાગ્યો પદમણી નારીહો) એ રાહ.

વ્હાલા વીર જીણંદ જયકારી હો,
નમુ ચરણ કમળ ચીતધારી;
કરમ કટક ઝટપટ સંહારી,
શીવ નારી વરીયા સુખકારી.
અરીહા છે, ઉપગારી હો. નમું
અખીલ ખલકને આશ તમારી,
આ ભવ દળમાં બળવાં ઠારી,
આપીએ સેવા સારી હો. નમું.
કરમાં શસ્ત્ર ધરે દુઃખકારી,
જે હીંસક પરનારી વિહારી,
એવા દેવ વિસારી હો. નમું.
તારીએ મહાવીર મંડળી તારી,
શીવ સુત કેશવને શીવનારી,
આપો અરજી સ્વીકારી હો. નમુ.

સ્તવન ૭ મું.

ચંદ્ર વખત શા આવીઓ એ રાગ.

વિર વિજય નિવારીએ ગુણનિધી અમને ઉગારીએ,
કરી પાપ હું અપાર બન્યું ભવદળ મોઝાર, [illegible] નજરથી
હારીએ. પ્રભુ મારા.
કૃપા કરી કૃપાનાથ હેતે ઝાલો હવે હાથ, ત્રાતા ભવોદધી
તારીએ સેવકને ત્રાતા.
ક્રુર શત્રુ છે કસાય (૨) જરી વેગળા ન જાય સ્વામીજી
એને સંહારીએ વ્હાલા મારા. સ્વામીજી.
સૌ દેવ શીરતાજ (૨) આપો અવિચળ રાજ અરજી
જીનવરજી સ્વીકારીએ ચાકરની અરજી.
નીત મહાવીર સમાજ (૨) નમે શીવ સુખકાજ,
શીવસુત કેશવ ઉગારીએ શીવ.

સ્તવન ૯ મું.

અવનીમાં આનદ કદથી જીણંદ ચંદ છે,
સ્વામી વિશ્વબંધ તુંજ સેવક સુરીંદ છે. અવનીમાં.
હે મહાવીર ધીરધાર તું સીધારથનંદ છે,
સરસ દર્શ દેખી હુવ હૈયામાં આનંદ છે. અવનીમાં.
પાપ તિમિર ટાળવાને દેવતું દીણંદ છે,
શીવસુત કેશવ મહાવીર મંડળ ભક્તિમાં છદછે અવનીમાં.

સ્તવન ૯ મું.

માથાના મુગટ મારા એ રાગ.

તારોરે મહાવીર સ્વામી ભવોદધી તારોરે,
દય કરજોડી કહે સેવક તમારોરે—તારોરે.
ઝપટ ઝપટ ઝટ કરમ કટક કટ,
બાલક શ્રીપરમેશ્વરે,
પાંલક પાલક પાલક રે,
કેશવ પ્રવર્તક વિપતિ વિદારો રે—તારોરે.

સ્તવન ૧૦ મું,

આશું આંસુ કે ચોમાસું આવ્યું એ રાગ.

શાસન નાયક શીવ સુખદાયક શ્રી મહાવીર છો,
પ્રણમે નિત્ય પુરંદર ધમ ધુરંધર ધીર છો.
ત્રીસલા નંદન કર્મનિકંદન ભય ભંજન ભગવાન,
સેવકપર સું નજર કરી આપોને ભવ અવસાન શાસન;
અગણીત નરનારી પ્રભુ તારી કર્મ નિવારીનાથ,
માત તાત ગુરૂ જગની ભ્રાતા અહો હેતથી હાથ શાસન.
મહાવીર સ્વામીના સેવકનું મંડળ જીન ગુણગાય,
શીવસુત કેશવ પ્રમુખ સર્વને ઉલટ અંગ ન માય. શા.

સ્તવન ૧૧ મું.

પાવન મતમાંહિ છકેલી એ રાગ.

મહાવીર જરા તો મુજમન મંદીર આ..............જો.

હે કરૂણુ સીંધુ કરૂણા મુજપર લા...................પો.
તુંજ વાણી, ગુણુ ખાણી મનમાની,
મુજ પાપો અગણીત કાપો સુમતિ આ.............પો.
જગતના સ્વામી નિર્મળ નામી, ખોબે નહિ તુંજ ખામીરે.
પાપ ભરેલી મતિ અતિ મ્હારી ટાળોને અંતરજામીરે,
જયકારી, ઉપગારી, હ્યો તારી જીનરાજ.
ભવોભવ ભટકયો જરીએ ન અટકયો,
પટકયો ચાર ચકાળે રે,
મુક્તિ તણા હે માર્ગાધીકારી મળીયો તું પંચમ કાળેરે.
હે દેવા સુખ લેવા, કરૂં સેવા, જીનરાજ. ૨
પ્રભુ તુંજ કરણી પાપની હરણી તરણી ભવજળ માંહિરે.
ધરણી તમે શીવરમણી રૂપાળી બેઠા બહુ સુખમાંહિરે,
પ્રભુ ત્હારા ગુણુ સારા મને પ્યારા. જીનરાજ. ૩
ચરણ સરોજમાં પ્રાણુ મધુકર સુખમાં ખેલે ખેલરે,
તુમ ગુણુ મહાવીર માંડળી ગાઇ ટાળે અનાદીનો મેળરે,
જીનરાજ, કરોકાજ. નમુ આજ, જીનરાજ. ૪

સ્તવન ૧૨ મું

મહારા હૈયા કેરાહાર એ રાગ.

વ્હાલા વીર જીનેશ્વર જન્મ જરાં નીવારજ્યોરે,
પ્યારા પ્રભુજી પ્રીતે મુજ શીરપર કર સ્થાપજો રે.
ત્રણુ રત્ન આપો પ્રભુ મુજને,

ખોટ ખજાને કો નહિ તુંજને.
અરજી ઉરધારી કરમકટક સંહાર જયોરે. વ્હાલા.
કુમતિ ડાકણ વળગી જમુને,
નમિ નમિ વિનવું હે પ્રભુ તુંજને,
એ દુઃખથી દુર કરવા વ્હેલા આવજયોરે. વ્હાલા.
આ અટવીમાં ભુલો પડિયો,
તું સાહેબ સાચો મુને મળીઓ.
સેવકને શીવપુરની સડક બતારજો રે. વ્હાલા.
અરજી ઉચરીને જીન આગે,
મહાવીર મંડળ પ્રભુપદ માગે.
મ્હેર કરી મહારાજ પ્રાણુને તારજયોરે. વ્હાલા.

સ્તવન ૧૩ મુ.

મોંયા મેના માનું નમાનું મનાય એ રાગ.
મહાવીર છબી તારી લાગે છે પ્યારી,
અનુપમ આંગી બનેલી. (૨)
નયણાં નિહાળી છબી,
નમ સફળ થયેડે તુમ જ મુખ દી
આજે દિવાળી થઇ મારે ઘેર, આ. અ. ૧
હે પ્રભુજી તુમ ધ્યાનથી મારી,
મતિ નઠારી ગઇ પ્રભુજી મારી આ. આ. ૨
પ્રાણુ સુધારી મહાવીર મંડળ,
હે પ્રભુ હયો મને તારી હવે તો હે. આ આ. ૩

સ્તવન ૧૪ મું.

(સુંદીર શામળીયા એ રાહ)

મ્હારે મહાવીરે વીરજીણંદ સુખકારી
મ્હેલા વહલેરે સેવકના હિતકારી
મેં ઘણાય દુ;ખદેછે ભારી, નથી ઉગરવાની મુજબારી
સુદ બુદ ગઇ છે મારી આશા એક રહી છે તારી
તુંજ વિણ શકે કો ટાળી. મ્હારે ૧
સંસારમાં સુખ કાંઇ ન ભાસે માયા મમતાથી મુજ
મન ત્રાસે
જીવ મુસાફર અહિં તહિં નાસે બેસી રહયો છું
તાકરી આશે.
ચત્રભુજની કર રખવાળી મ્હારે ૨

સ્તવન ૧૫ મું.

મારી વિનતિ સ્વીકારો યોગીરાજ મહારાજ એ રાગ

મારી અરજી સ્વીકારો મહાવીર જીનરાજ
ભકિત કરૂં મન ભાવથી
કેશર ચંદન બરાસ કસ્તુરી
મેલમને ભીલી સુંદર કટોરી
કરૂં આંગી અનોપમ આજ મહારાજ....મારી
નિવેદ ધરાવું નિત ભાતભાતના

ફળ ફુલ ચડાવું રોજ જાતજાતના
ચમજીજ કહે ભાવશું પ્રીતે ધરી ખાજ....મારી

સ્તવન ૧૬ મું.

ગીરૂઆરે ગુણ તમતણા શ્રી વર્ધમાન જીનનાયારે
સુણતાં શ્રવણે અમી ઝરે મારી નીર્મળ થાયે કાયારે. ગી
તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉંરે.
અવર ન ધંધો આદરૂં નિશદિન તોરા ગુણ ગાઉંરે ગી.
ઝીલ્યા જે ગંગાજળે તે છીલ્લર જળનવિપેસેરે
જે માલતી ફુલે મોહિયા તે બાવળ જઈ કેમ બેસરે, ગી.
એમ અમે તુમ ગુણ ગોઠશું રંગે રાચ્યાને વળી માચ્યારે ગી.
તે કેમ પરસુર આદરૂં જે પરનારી વશરાચ્યારે ગી.
તું ગતી તું મતી આશરો, તું અવલંબન મુજ પ્યારોરે

સ્તવન ૧૭ મું.

લોકને આંગણે ચાંદનીરે એ રાગ.

સુંદિર શણગાર શ્રી વીરનોરે દીપે સોનેરી રંગ રંગરે
બંધુ આવો તમે આનંદમાં
લોગો આંગી નવ રંગ રંગરે અંગે રમોને પ્રભુનાનમાં

સાખી

વ્હાલો વસે વિમળાચળે સુંદીર શોભે દેહ
એવા શ્રી જીનરાયને પુજો આણી નેહ

સ્વામી મારા હું સેવક તમારો
કૃપાળુ દેવ મને તારજ્યો જીરે, સ્વામી

સાખી.

સાહેબ તું શીવપુર ધણી તુંજ સેવકને તાર,
દુષ્ટ ચોર કેડે પડયા ક્રોધાદિક જે ચાર,
પ્રીતમ છોગાળા પ્રભુ મુજ વાલા;
અરજી સ્વીકારી વારે આવજોજી રે. પ્રીતમ.
ઘાતી કરમ તમે કાપી બેઠા છો,
સેવક સંસારમાં ભ્રમણ કરે છે,
દોશ દિલે ન ધરાવજો જીરે. પ્રીતમ.

સાખી.

વરવાને શીવ સુંદરી પૂરણ મુજને પ્રેમ,
આદિ મંડળ વિનવે તારોને ધરી રેમ
સંસારી ઘા મને લાગ્યો.

નહિ રે મુકું હું તો નહિ રે મુકું મારા ત્રણ ભુવનના.

વીર હો રાજ સંસારી,

છોડાવજો મને આ બાજીથી ભવિક જીવોને છોડાવોરાજ.

નહિરે મુકુ હું તો નહિરે મુકુ મારા ત્રણ ભુવનના,

વીર હો રાજ સંસારી ઘા મને લાગ્યો.

સમાપ્ત.